સ. મ. પ્રે. ગાં. (એચ)—૧૨૬૧—૨,૦૦૦—૧૦—૯૮.

મુંબઈ જનરલ પ્રો. ફંડ નિયમો અને
વર્ધિત પ્રો. ફંડ નિયમો (મુંબઈ).

યાત્રાધામ પ્રવાસ માટે પેશગી અંશતઃ
આખરી ઉપાડ.

# ગુજરાત સરકાર

## નાણાં વિભાગ

ઠરાવ ક્રમાંક : પીએફઆર/૧૦૯૮/૬૧૮/ચ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮.

**વંચાણે લીધો** :—નાણા વિભાગનો તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫નો ઠરાવ ક્રમાંક : પીએફઆર-૧૦૯૫-૭૫૩/ચ.

## ઠરાવ

૧. પ્રસ્તાવનામાં નિર્દેશિત નાણા વિભાગના તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ઠરાવની જોગવાઈ મુજબ કોઈપણ અધિકારી/કર્મચારીને પોતાના ધર્મના પવિત્ર ધામની યાત્રાના હેતુ માટે સમગ્ર નોકરી દરમિયાન એકવાર તેમના ભવિષ્યનિધિ ખાતામાંથી પ્રવર્તમાન નિયમોના જોગવાઈ અનુસાર પેશગી મંજૂર કરી શકાય છે.

૨. યાત્રા પ્રવાસો મોંઘા થયેલ હોવાથી વધુ રકમની આવશ્યકતા રહે છે, અને પેશગીની રકમ પરત કરવાની હોવાથી કર્મચારીઓને મુશ્કેલી પડે છે. તેથી આ હેતુ માટે અંશતઃ આખરી ઉપાડ મંજુર કરવા ધી સચિવાલય સ્ટાફ એસો. અને અન્ય કર્મચારી સંઘોએ રજૂઆત કરી હતી. સહાનુભૂતિ પૂર્વકની વિચારણા બાદ સરકાર ઠરાવે છે કે, કોઈપણ કર્મચારી/અધિકારીને પોતાના ધર્મના પવિત્ર યાત્રા ધામની યાત્રાના હેતુ માટે સમગ્ર નોકરી દરમિયાન એકવાર પોતાના ભવિષ્યનિધિ ખાતામાંથી નિયમોની જોગવાઈ અનુસાર પેશગી અથવા અંશતઃ આખરી ઉપાડ કર્મચારી/અધિકારી ઈચ્છે તે મંજૂર કરી શકાશે.

૩. ઉકત હેતુ માટે પેશગી/અંશતઃ આખરી ઉપાડ મંજૂર કરવા અંગેના નિયમોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

૪. મુંબઈ જનરલ પ્રો. ફંડ નિયમો તેમજ વર્ધિત પ્રો. ફંડ નિયમો (મુંબઈ) ના સંબંધિત જોગવાઈઓમાં જરૂરી સુધારો હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એલ. ટી. જોષી,**
નાયબ સચિવ.

પ્રતિ,

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓ/વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત (૧) ઓડિટ, ગુજરાત, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત (૨) એકાઉન્ટન્ટ એન્ડ એન્ટાઈટલમેન્ટ, રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એકાઉન્ટ એન્ડ એન્ટાઈટલમેન્ટ) એ. જી. (એ. એન્ડ ઈ.) ની કચેરી, અમદાવાદ.
સિનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડિટ) રાજકોટ.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
પસંદગી ફાઈલ, નાણા વિભાગ, 'ચ' શાખા.

---

* પત્ર દ્વારા.